અપીલ અરજી નં.૩૮૫, તા.૪–૩–૦૯

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ

સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૩–૨–૦૯ ની અરજીથી સેન્ટ્રલઝોનમાં વિકલાંગો અને અંધજનોને ફુટપાટ પર આવેલી કેબીન બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૮૫/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૩–૨–૦૯ ની અરજીથી સેન્ટ્રલઝોન માં વિકલાંગો અને અંધજનોને ફુટપાટ પર આવેલી કેબીન બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સીઝેડ / આરટીઆઈ/ આ. ૧૪૯૧ તા.૨–૩–૦૯ થી આપેલ જવાબ ખોટો અને ગોળ ગોળ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૨૮ તા.૧૬–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૫૨ તા.૨૭–૩–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે.

અરજદારની તા.૩–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ થી ૮ ની અપીલ હેઠળની રજુઆત અંગે અપીલ પશ્ચાત અરજદારને પણ તા.૧૬–૩–૦૯ ના પત્રથી તેમની અપીલમાં કરેલ" ગોળ ગોળ જવાબ આપેલ અને ખાસ કરીને મુદ્દા નં.૫ અને ૬ નો ખોટો જવાબ હોવાના" આક્ષેપ બાબતે દાવાના સમર્થનમાં આધાર પુરાવા કે વાજબીપણું રજુ કરવા જણાવવામાં આવેલ પરંતુ અરજદાર તરફથી આધાર કે વાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીઝેડ / આરટીઆઈ/ આ. ૧૪૯૧ તા.૨–૩–૦૯ થી અરજદારને નિયત સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારીએ પૂરી પડાયેલ પૂરક માહિતીમાં અરજદારને માંગેલ માહિતીના દસ્તાવેજ પેટે રૂ.૪/– સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૦૮ તા.૪–૩–૦૯ થી પત્ર પાઠવેલ જે અરજદારે રસીદ નં.૩૯૧૩૨૩ તા.૯–૩–૦૯ થી ભરપાઈ કરી વિકલાંગ/વિધવા વ્યકિતને સ્વ રોજગારી માટે કેબીનની જગ્યા ફાળવવા બાબતની શરતો બાબતની માહિતી અરજદારે મેળવેલ છે. જેમાં મુદા નં.૬ ની વિગતો અને શરતો જણાવેલ છે. તેમજ મુદ્દા નં.૫ અંગે તા.૧૦–૨–૦૯ ના રોજ સ્થળ તપાસની વિગતો પણ પૂરી પાડવામાં આવેલ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી અપીલ સબંધી કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ગુલામભાઈ મેમણ